Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત,

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૮ મું, અંક : ૭ | વિ.સં.૨૦૫૪ : ચૈત્ર | સન ૧૯૯૮ : એપ્રિલ

## સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતી વિશેષાંક

આપણી આઝાદીનું આ સુવર્ણ જયંતી વર્ષ હોવાથી પથિકનો આગામી જુલાઈ-ઑગસ્ટ અંક સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતી વિશેષાંક તરીકે ૧૫ ઑગસ્ટે પ્રગટ કરવાનું વિચાર્યું છે.

આ અંકમાં ઈ.સ. ૧૮૫૭ થી ઈ.સ. ૧૯૪૭ સુધીની સ્વાતંત્ર્યની લડત, સ્વાતંત્ર્ય સેનાનીઓની ભૂમિકા તથા રાષ્ટ્રવાદ અંગેના લેખો તેમજ તસ્વીરો પણ સ્વીકારવામાં આવશે. લેખકોને વિનંતી કે આ વિષયને લગતા પોતાના સપ્રમાણ લેખો જૂન મહિનાના અંત સુધીમાં પથિક કાર્યાલયના સરનામે મોકલી આપવા. લેખ અપ્રગટ હોવાં જોઈએ. તેમજ લેખોની ભાષા અને જોડણી શુદ્ધ હોય એ ઇષ્ટ છે. આ કાર્યમાં સૌ લેખક મિત્રોનો સહકાર મળી રહેશે તેવી આશા છે. મે અને જૂનના અંકો રાબેતા મુજબ પ્રગટ થશે.

સંપાદક

– સુભાષ બ્રહ્મભટ્ટ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

## સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતી વિશેષાંક

કોઈ પણ વિશેષાંક બહાર પાડવો એ ખર્ચાળ પ્રક્રિયા છે. 'પથિક'ને આર્થિક રીતે સદ્ધર બનાવવા આ વિશેષાંકમાં મિત્રો પાસેથી જાહેરાતો મેળવી મોકલી આપવા વિનંતી છે.

## જાહેરાતના દર

ટાઇટલ પેજ ૨-૩ – આખું પાનું રૂા. ૨૦૦૦/-

ટાઇટલ પેજ ૪ – આખું પાનું રૂા. ૫૦૦૦/-

અંકની અંદરનું આખું પાનું રૂા. ૧૦૦૦/-

જાહેરાતનું મેટર તથા ચેક/ડ્રાફ્ટ **'પથિક કાર્યાલય'**ના નામનો કઢાવી. C/O. ભો.જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯ ના સરનામે મોકલી આપવા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી-મંડળ
ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વર્ષ ૩૮ મું ] ચૈત્ર, સં. ૨૦૫૪ : એપ્રિલ, ૧૯૯૮ [ અંક ૭

## અનુક્રમ

ભારતીય સંસ્કૃતિ અને સંતો —ડૉ. રા. ઠા. સાવલિયા ૧
ભારતનું પહેલું સમાચારપત્ર —પ્રા. નીતા પરીખ ૪
સરદાર પટેલની વાણી —ડૉ. મહેશ એમ. ત્રિવેદી ૭
રાષ્ટ્રવાદ અને જનજાગૃતિના વિકાસમાં
ગાંધીયુગના ગીતોનું પ્રદાન —પ્રા. વિકેશ પંડ્યા ૯
કચ્છના આર્થિક વિકાસનાં પરિપ્રેક્ષ્યમાં
કંડલા બંદરનું મહત્ત્વ —પ્રા. એમ. જે. પરમાર ૧૩

### ગ્રાહકોને વિનંતિ :

લવાજમો મોકલતાં તેમજ અન્ય પત્રવ્યવહાર કરતાં પોતાનો ગ્રાહક નમ્બર અવશ્ય નોંધવો. ગ્રાહકનમ્બર નહિ મળતાં ઇન્ડેક્સ-સ્લિપો તેમજ કેટલીકવાર ગ્રાહક-નોંધપોથી તપાસતા ઘણું કષ્ટ પડે છે. આજીવન સહાયક તેમજ વાર્ષિક ગ્રાહકો બેઉ માટે આ વિનંતિ છે.

**લવાજમો** : વાર્ષિક ગ્રાહકોનાં ઘણાં લવાજમો હજી બાકી છે. પોતાનું વર્ષ પૂરું થતાં જ લવાજમ મોકલી આપવું કે જેથી ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે કે નહિ એ સ્પષ્ટ થાય.

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦
ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/-
લવાજમ માટે મ.ઓ. યા બેન્ક ડ્રાફ્ટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.

### સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C/o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C/o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩ . તા. ૧૫-૪-૯૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતીય સંસ્કૃતિ અને સંતો

ડૉ. રા. ઠા. સાવલિયા *

સંતો એ ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે. વિશ્વના ઇતિહાસમાં ઘણી સંસ્કૃતિઓ કાળના ગર્ભમાં લીન થઈ ગઈ છે, છતાંય સનાતન સંસ્કૃતિ વેદકાળથી માંડી આજ પર્યંત યુગયુગાંતરથી ચાલી આવી છે. આના રહસ્યમાં ઘણું કરીને આ સંસ્કૃતિ તેની આધ્યાત્મિકતાની આધારશીલા પર પ્રતિષ્ઠિત થયેલ છે એ છે. વેદો અને શાસ્ત્રોના સિદ્ધાંતોને પોતાના જીવનના તાણાવાણામાં વણી લેનારા સંતો છે. આ સંતો જ આધ્યાત્મિક જીવનના પ્રેરક છે. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં સંતો-મહાત્માઓનો અનેરો અને અમૂલ્ય ફાળો છે. ભારતીય સંસ્કૃતિમાં સંતોનું એક આગવું, વિલક્ષણ વ્યક્તિત્વ છે.

तत्वहं कामयेराज्यं, न स्वर्गं, न पुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणीनामार्त नाशनम् ॥

આ છે ભારતીય સંતોની દિવ્યવાણી, ઉચ્ચભાવના અને માનવ પ્રેમ.

"દિવ્ય સંત એવા થયા, સીમા ન જેના જ્ઞાનની, માટી આલૌકિક છે ખરેખર, આ દેશ હિન્દુસ્તાનની."

ભારતે જગતના ઉદ્ધારાર્થે, સંતોની હારમાળા વિશ્વને સમર્પી છે.

જ્યારે જ્યારે ભારતમાં અધર્મ અને વિનાશનાં વાદળો ઘેરાવાં લાગ્યાં. અંદરો અંદર ક્લેશ અને કુસંપ પથરાવા લાગ્યો, મામકા : પાંડવા-ની ભાવનાએ ભેદની દીવાલો ઊભી કરી, સત્યધર્મનો પ્રકાશ બંધ થઈ કેવળ તિમિરનું સામ્રાજ્ય પ્રસરવા લાગ્યું, ત્યારે ત્યારે આ અવની પર સંતોએ માનવ જાતને બચાવવા પોતાનાં જીવન હોડમાં મૂક્યાં છે. તેમણે પોતાનું સર્વસ્વ સમર્પીને પણ માનવતા અને સંસ્કૃતિની રક્ષા કરી છે. ભારત ઉપર આટ આટલાં સાંસ્કૃતિક આક્રમણો થયાં હોવાં છતાંય વેદસંસ્કૃતિ હજુ પણ અડીખમ ઊભેલી છે તેનું એક મુખ્ય કારણ એ સંતો-મહાત્માઓનો અદ્ભુત ત્યાગ અને ભગિરથ પુરુષાર્થ છે.

સંતો અપૂર્વ ત્યાગ, સંપૂર્ણ સમર્પણ અને અપાર જ્ઞાનનો માર્ગ ચીંધે છે. એક પારસના સ્પર્શથી લોઢું સોનું બને પણ સંત રૂપ પારસમણિના સ્પર્શથી તો માનવ પારસ જ બને, એમનાં જીવન શાંતિ, સૌમ્યતા, દયા, તપ, નિખાલસતા, તાદાત્મ્ય, જ્ઞાન અને સાક્ષાત્કાર જેવા ગુણોથી પુષ્ટ હોય છે. તેઓએ આવા જ ગુણોને સંસ્કૃતિની ગળથૂથીમાં પાયા છે જેથી ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિકતાનો રંગ પાકો બન્યો છે. નદીઓને તીરે તીરે, ડુંગરોની ટોચે-ટોચે, અરણ્યોની ઘટાઓમાં, તીર્થોમાં અને ગામને સીમાડે ભારતના સંતો વિશાળ અને ભવ્ય-દિવ્ય જીવનનો સંદેશ આખીયે સૃષ્ટિને આપતા જ રહ્યા છે. પૃથ્વીના પટ ઉપર એવો કોઈ દેશ ભાગ્યે જ હશે કે જ્યાં આવા સંતો પર્વતોની દિગંતવ્યાપી હારમાળાની જેમ પથરાએલા પડ્યા હોય.

ભારતના સંતોએ અણતાગ સાહિત્ય અને જ્ઞાનનો અજોડ ભંડાર વિશ્વ કલ્યાણાર્થે ખુલ્લો મૂક્યો છે. વેદો, ઉપનિષદોના એ ગૂઢ જ્ઞાનને સંતોએ અતિ સરળ લોકભાષામાં પોતાના જીવનના સ્વાનુભવસહ રજૂ કર્યું કે જેથી સમગ્ર માનવજાત એ જ્ઞાનનો લાભ લઈ શકે. સંતોમાં સંકુચિતતા જરાય હોતી નથી. તેમને કોઈ ધર્મ કે સંપ્રદાયના વાડાનાં બંધન હોતાં નથી. તેઓ હંમેશાં જીવનમુક્ત સ્થિતિનો આહ્લાદ અનુભવતા હોય છે. તેઓનું લક્ષ્ય पूर्णमदः

---

* આધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पूर्णमिदं ઉપર જ હોય છે. તેઓએ एकं सत्નો અનુભવ કરેલો હોય છે. તેથી જ તેમની દૃષ્ટિએ મિત્ર કે શત્રુ, સુખ કે દુઃખ મોહ કે શોક બધું જ સમાન હોય છે. તેઓ આત્માનું સર્વત્ર સમદર્શન કરતા હોય છે. એમના દૈહિક अहम અને મમનો લોપ થયેલો હોય છે.

તેઓ હંમેશા પ્રેમ, શાંતિ અને સહનશીલતાનો આદેશ આપતા હોય છે અને પોતાનામાં તેને ચરિતાર્થ કરતા હોય છે. તેઓ હંમેશા કહેતા હોય છે :-

"सहनाववतु सहनौभुनकतु, सहवीर्यं करवा वहै ।
तेजस्विनावधीतमस्तु, माविद्विषावहै ।"

તેમનું જીવન નિષ્કામ હોય છે. ગીતામાં કહ્યું છે કે कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन આ તેમનો જીવનમંત્ર હોય છે-બસ અનન્ય ભાવથી જગતની સેવા કરવી અને सरल स्वभाव, नहि मन कुटिलाइ, यथा लाभ संतोषी-આ તેમનું લક્ષણ હોય છે. सर्वेऽत्रसुखीनः सन्तु એ તેમની ભાવના હોય છે. સંતો જગતની જડતામાંથી निःश्रेयसના માર્ગે સર્વને દોરી જાય છે.

આ જ પુણ્યભૂમિમાં પ્રેમ-જ્ઞાન ત્યાગ સિંધુ પૂર્ણાવતાર શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ આપ્યો, સત્યધર્મનું દર્શન કરાવ્યું. આ જ તપોભૂમિમાં અહિંસામૂર્તિ તપ-ત્યાગ સાગર ભગવાન મહાવીરનાં પુણ્ય પગલાં પડ્યાં અને દુનિયામાં પેઠેલા અનાચારનાં આવરણો દૂર થયાં. આ જ કર્મભૂમિમાં કરુણા-સાગર ભગવાન બુદ્ધે જગતને વિશ્વ પ્રેમનો સંદેશ આપ્યો, કલ્યાણનો રાજમાર્ગ ચિંધ્યો અને અહિંસાની સાત્ત્વિક જ્યોતિ પ્રગટાવી. આ જ ધર્મભૂમિમાં જ્ઞાનમૂર્તિ જગદ્‌ગુરુ શંકરાચાર્યે સાંસ્કૃતિક એકતા સ્થાપી જ્ઞાન-વેદાંતના ધ્વનિને ગૂંજતો કર્યો જે આજ પર્યંત અવિચ્છિન્ન છે. આ જ પ્રેમભૂમિમાં ભક્તિ-સમ્રાટ શ્રી વલ્લભાચાર્યે ભક્તિની ભાગિરથી વહેવડાવી. આજ યોગભૂમિમાં ધર્મ દિગ્ગજ આચાર્યો શ્રી રામાનુજાચાર્ય, નિંબાર્કાચાર્ય, મધ્વાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુજી જેવાઓએ જ્ઞાન અને ભક્તિના સમુચ્ચય દ્વારા નવા જ રાહનું પથદર્શન કર્યું. આ જ દિવ્ય ભૂમિમાં કબીર, ગુરુનાનક જેવા સંતો ઉદ્‌ભવ પામ્યા. આ જ સંત ભૂમિમાં જ્ઞાનદેવ, એકનાથ, તુલસીદાસ, સૂરદાસ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, જલારામ, સાંઈબાબા, સંત તિરુવલ્લુવર જેવાઓ સત્ય-શોધનના પ્રયાસને વેગવંત કર્યા. આ જ દેવભૂમિમાં રામાનંદ, સમર્થ રામદાસ, તુકારામ, સહજાનંદ સ્વામી દયાનંદ જેવાઓએ પાખંડનું ખંડન કરી સત્ધર્મને પ્રકાશમાન કર્યો. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, અરવિંદ ઘોષ અને રમણ મહર્ષિએ ધર્મ, સંસ્કૃતિ અને ભારતની રાષ્ટ્રભાવનાને શુદ્ધ બનાવ્યાં. તેઓએ પ્રીતમ, અખો, વલ્લભ ભટ્ટ વગેરે અને જ્ઞાત-અજ્ઞાત સંતોએ આર્યત્વનો ઉદ્ધાર કર્યો. લોકમાન્ય તિલક, વિનોબા ભાવે, પંડિત સાતવળેકરજીએ ધર્મ માટે પોતાનું સર્વસ્વ રાષ્ટ્રને સમર્પ્યું. તેમણે ધર્મને નવા સ્વરૂપે રજૂ કર્યો. ભારતીય સંસ્કૃતિમાં મુખ્યત્વે ભક્તિમાર્ગના વિકાસમાં મોટાભાગના સંતોએ ફાળો આપ્યો છે. પણ ભારતીય સંસ્કૃતિને સર્વાંગીણ, સાર્વભૌમ, નિષ્કલંક અને કલ્પવૃક્ષ જેવા સ્વરૂપને સમાજના હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની પ્રક્રિયામાં પૂ. મહાત્મા ગાંધીજીએ જે ફાળો આપ્યો છે, તે ફાળાનો નમૂનો ઇતિહાસના ઉત્થાનકાળથી માંડીને અત્યાર સુધીમ ભાગ્યે જ મળી શકે તેમ છે. આમ માનવીથી અજ્ઞાત એવા કાળથી માંડીને હજારો સંતોની પરંપરા ઊતરી આવ છે. તેથી ભારતવર્ષ એ સંતોની અવતારભૂમિ ગણાય છે.

સંતો એ ભારતીય સંસ્કૃતિનો અડીખમ સ્તંભો છે. સંસ્કૃતિ અને તેના ઐક્યને ટકાવી, જાળવી રાખવા, તેઓ તન, મન, ધન બધું જ કુરબાન કરી દે છે. આ સંતોએ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડ્યો છે.

ભારતીય સંતોની દૃષ્ટિ આંતરમાં વળેલી હોવાથી, તેમની શોધ આંતરથી શરૂ થઈ જેની ફલશ્રુતિ રૂપે તેઓ આધ્યાત્મિક જીવનના અને આંતર ચેતનાનાં રહસ્યો ખુલ્લા કરી શક્યા. જ્યારે પાશ્ચાત્ય વિચારકોની દૃષ્ટિ બાહ્યમાં હોવાથી અને તેમની શોધ બાહ્ય જગતમાં થતી હોવાથી, તેઓએ આધિભૌતિક જીવનના સિદ્ધાંતો સ્થાપ્યાં. ઋષિ-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિઓની શોધ અદૃષ્ટ તત્ત્વની હતી, જ્યારે પાશ્ચાત્ય વિદ્વાનોની શોધ દૃશ્યમાન વિશ્વની છે.

વિવેકાનંદે યુરોપમાં "Brothers and Sisters" જેવા ઉદ્ગારો થકી વિશ્વ-બંધુત્વની, સમદર્શિતાની ભાવના જન્માવી. આના માટે એક અમેરિકન પત્ર લખે છે. "અમે મુર્ખ છીએ કે અમારા મિશનરીઓને ભારતમાં મોકલીએ છીએ કે જ્યાં આવાં મહામૂલાં રત્નોની ખાણ પડી છે. પણ હે ભારત ! તું તારા મિશનરીઓ અહીં મોકલજે કે જેથી અમારો ઉદ્ધાર થાય." આ છે ભારતીય સંતના ગૌરવ અને વિશિષ્ટતા. અત્યારે સાંપ્રત સમયમાં પણ અનેક સંતો માનવતાના ઉદ્ધાર માટે સતત પ્રયત્નશીલ છે.

ભારતને સંતોની દેણગી છે. તેઓએ જ ભારતને ઊંચા સ્થાને લઈ જવાનો ભારે પ્રયત્ન કર્યો છે. પ્રેમ, દયા, અહિંસા, તપ, ત્યાગ, શાંતિ, સત્ય, ભક્તિ, જ્ઞાન, ક્ષમા, અપરિગ્રહ, સમદર્શિતા, સમાનતા, વિરકતતા, નિઃસ્વાર્થતા, વિમળતા, નિર્મળતા, પવિત્રતા, વાત્સલ્ય, કરુણા અને પરોપકારિતાનો વિશાળ ગુણાલય એટલે જ ભારતીય સંત.

कुलं पवित्रं जननी कृतार्था वसुन्धरा पुण्यवती च तेन ।
अपारसंवित्सुखसागरेऽस्मिन् लीनं परब्रह्मणि यस्य चेतः ॥

અપાર જ્ઞાન અને સુખના સાગરરૂપ પરબ્રહ્મમાં જેમનું ચિત્ત લીન થયું છે એવા મહાત્માઓ જે કુળમાં જન્મ્યા હોય તે કુળ પવિત્ર છે, જે જનનીની કૂખે અવતર્યા હોય તે જનની કૃતાર્થ છે અને જે ભૂમિ પર તેઓ જન્મ્યાં હોય તે ભૂમિ ભાગ્યશાળી છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતનું પહેલું સમાચારપત્ર

પ્રા. નીતા પરીખ

એકવાર બ્રિટિશ સંસદમાં કોઈ મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરતા કરતા એડમન્ડ બર્કે પત્રકારત્વ માટે 'ચોથી જાગીર' શબ્દનો ઉપયોગ કર્યો ત્યારથી અખબારો માટે આ શબ્દ પ્રચલિત બન્યો છે. એ જમાનામાં ઇંગ્લેન્ડમાં પહેલા ત્રણ જાગીરો (૧) લોર્ડઝ એટલે કે ઉમરાવો (૨) કોમન્સ એટલે સામાન્ય પ્રજાઓ અને (૩) કલર્જી એટલે ચર્ચ હતી. જ્યારે આજના વિશ્વમાં સંસદ કારોબારી અને ન્યાયતંત્રને પહેલી ત્રણ જાગીરો ગણવામાં આવે છે. પરંતુ પત્રકારત્વનું ચોથું સ્થાન તો યથાવત્ જ છે. ભારતમાં આ 'ચોથી જાગીર'ના આગમન માટે એક રીતે બ્રિટન જ જવાબદાર છે કારણ કે ભારતમાં પત્રકારત્વનો પ્રારંભ અંગ્રેજી શાસનની આડપેદાશ રૂપે થયો હતો. ૧૯૮૦ની ૨૯મી જાન્યુઆરીએ ભારતના પ્રથમ સમાચારાપત્રનો પ્રારંભ થયો હતો.

ભારતથી વહાણોમાં તેજાનો ભરીને ઇંગ્લેન્ડ જઈને વેચતા ડચ વેપારીઓએ મરીના ભાવમાં વધારો કર્યો જેના પ્રત્યાઘાતરૂપે ઇંગ્લેન્ડના વેપારીઓએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરી અને એ સાથે જ ભારતની બસો વર્ષની ગુલામીની કાળી તવારીખ ચિતરાઈ. ઈ.સ. ૧૬૧૩ના પ્રારંભે સર થોમસ રોએ જહાંગીરના દરબારમાં નજરાણાં પેશ કરીને ભારતમાં વેપારી થાણાં નાખવાની પરવાનગી માંગી જે બહુ આસાનીથી મળી ગઈ. એ પછીની સદીમાં વિચક્ષણ વેપારી એવા અંગ્રેજોએ ધીમે ધીમે આખા દેશમાં પગ પેસારો કરી લીધો.

ઈ.સ. ૧૭૫૭માં રોબર્ટ કલાઈવ પ્લાસીનું યુદ્ધ જીત્યો એ સાથે જ બંગાળ અને બિહારનો કેટલોક પ્રદેશ બ્રિટિશ હકૂમત હેઠળ આવ્યો. વેપારી તરીકે આવેલી પ્રજા અહીં શાસક બની બેઠી. હિંદની સમૃદ્ધિના અનેક ગુણગાન જેમણે સાંભળ્યા હતા તેવા સત્તા લાલચુ અને મહત્ત્વાકાંક્ષી અંગ્રેજ નવયુવાનોએ વતન છોડીને ભારત ભણી પ્રયાણ આદર્યું ત્યારે ઇંગ્લેન્ડમાં પત્રકારત્વના પ્રારંભને પાંચ દાયકા વીતી ગયા હતા. વિશ્વનું પ્રથમ નિયતકાલીન પત્ર 'ડેઈલી કોરાન્ટ' ઈ.સ. ૧૭૦૨માં લંડનથી શરૂ થયું હતું.

ઇંગ્લેન્ડની મુક્ત અને સ્વતંત્ર વિચારોવાળી આબોહવામાંથી ભારત આવતા અંગ્રેજોને અહીં અખબારોની ખોટ સાલતી. કેટલાક કેળવણીપ્રેમી અંગ્રેજોના પ્રયાસથી બંગાળમાં ઠેર ઠેર શાળાઓ અને કોલેજો ખૂબ હતી. આથી નવશિક્ષિત ભારતીયોની જ્ઞાનની ભૂખ ઉઘડી હતી. તેમની દૃષ્ટિ વિશાળ બની હતી અને દેશના અન્ય ભાગોમાં શું બની રહ્યું છે તે જાણવાની ઉત્સુકતા વધી હતી. આ દરમિયાન અહીં મુદ્રણકળાનો પણ સારો એવો વિકાસ થઈ ચૂક્યો હતો. આ સમયે એક ડચ નાગરિકે ભારતમાં અખબાર શરૂ કરવાનો પ્રયાસ કર્યો તો હતો પરંતુ તે નિષ્ફળ નિવડ્યો હતો.

વિલિયમ બોલ્ટ્સે ૧૭૬૬માં ૩ સપ્ટેમ્બર માસમાં પોતે એક અખબાર શરૂ કરવા ઇચ્છે છે તેમ દર્શાવતી એક નોટિસ કલકત્તાના કાઉન્સિલ હાઉસના દરવાજે તથા અન્ય જાહેર સ્થળોએ લગાવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, "છાપખાનાના અભાવે સામાન્ય લોકો સમાચાર જાણી શકતા નથી. આથી જેમને છાપખાનાના ધંધામાં રસ હોય તેમણે મિ. બોલ્ટ્સનો સંપર્ક સાધવો તથા રસ ધરાવતા લોકો મિ. બોલ્ટ્સને મળીને સમાચારની હસ્તલિખિત નોંધો વાંચી શકે છે."

બોલ્ટ્સ લંડન તથા લિસ્બનમાં એકથી વધુ નોકરીઓના અનુભવો મેળવીને અંતે ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં જોડાયો હતો પરંતુ આ દિવસો ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારીઓ વચ્ચેની આંતરિક લડાઈના હોવાથી આ નોટિસથી ખળભળાટ મચી ગયો. અંગ્રેજ અધિકારીઓને આમાં કાવતરાંની ગંધ આવી. બોલ્ટ્સની ધરપકડ કરીને તાત્કાલિક તેને ઇંગ્લેન્ડ ભેગો કરી દેવાયો. આમ, પ્રથમ પત્ર શરૂ કરવાનો પ્રયાસ જ નિષ્ફળતાને વર્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાર બાદ બારેક વર્ષનો ગાળો વીતી ગયો. યુરોપથી આવતા અંગ્રેજો પારસ્પરિક સંપર્ક માટે ડાન્સ ાર્ટીઓ, શિકાર, પિકનીક અને નાટકના શોનું આયોજન કરતા. ક્યારેક મળી જતા ઇંગ્લેન્ડના વાસી અખબારો ાંચીને તેઓ સંતોષ માની લેતા. આમ છતાં, તેમની અખબારની તીવ્ર જરૂરિયાત મહેસૂસ થવા લાગી હતી. જો ક સત્તા સ્થાને બેઠેલા અંગ્રેજ અધિકારીઓ આ બાબતે અસહિષ્ણુ હતા અને પોતાની ટીકા કરી શકે તેવા માધ્યમના ન્મ સામે તેમને ચીડ હતી. આવા વાતાવરણ વચ્ચે હીકીએ પોતાનું પત્ર શરૂ કર્યું. જે મોટે ભાગે 'બેંગાલ ગેઝેટ' ાથવા 'હીકી ગેઝેટ' તરીકે જ ઓળખાતું. ૧૨ x ૮ ઇંચનું બે પાનાનું આ પત્ર દર શનિવારે બહાર પડતું. તેમા ન્ને પાનાની બન્ને તરફ ત્રણ ત્રણ કોલમો છપાતી.

હીકીનું આ સાપ્તાહિક આજના અખબારો જેવું અપ ટુ ડેટ ન હતું. તે તદ્દન અણઘડ રીતે છપાતું. માહિતી, દ્રણ અન પ્રકાશનની દૃષ્ટિએ પણ તે પ્રાથમિક કક્ષાનું હતું. પરંતુ, ઐતિહાસિક દૃષ્ટિએ તેનું આગવું મૂલ્ય છે. ારતીય પત્રકારત્વની આજની અડીખમ અને બુલંદ ઇમારતનો તે પાયાનો પથ્થર હતું. આ પત્રની ૨૦૦ નકલો ોપતી. પત્રનો તંત્રી, મુદ્રક, પ્રકાશક, વ્યવસ્થાપક અને બીબાં ગોઠવનાર ખુદ હીકી જ હતો.

આ પત્રમાં હીકીની પોતાની એક કોલમ હતી. જેમાં એ પોતાના સુખદુઃખની વાતો લખતો. સ્થાનિક અને ારગામના ખબરપત્રીઓના અહેવાલો અને વાચકોના પત્રો તથા ઇંગ્લેન્ડના વાસી અખબારોમાંથી ઉઠાવાયેલા ાચારો 'તાજા સમાચાર' તરીકે છપાતા. ખાસ કરીને યુરોપીયન પ્રજાને રસ પડે તેવી ગોસીપ પણ તેમાં બેધડક ાતી. લંડનમાં ચાલતી ફેશનના સચિત્ર અહેવાલો તેમાં રજૂ થતાં. જો કે તેમાં સમાચાર કરતાં જાહેરાતોનું પ્રમાણ ા, રહેતું હીકીના આ પત્રમાં એ વખતના કલકત્તાના સમાજજીવનનું ઠીક ઠીક દર્શન થતું. અંગ્રેજ અધિકારીઓ વચ્ચે ાલતી સત્તાની સાઠમારી અને ભારતમાં વસતાં યુરોપીયન સમાજના આંતરિક પ્રવાહોનું નિરૂપણ તેમાં જોવા મળતું.

હીકી પોતાના પત્રની જાતિ સ્પષ્ટ કરતા તેમાં એવું છાપતો કે, 'બધાં પક્ષો માટે ખુલ્લું છતાં કોઈની અસર ચે ન આવતું. રાજકીય તથા આર્થિક સાપ્તાહિક" જો કે અંગ્રેજ અધિકારીઓનાં ઝગ..ડાં અને લફરાની વિગતો પવામાં હીકીને સંકોચ ન હતો. હીકી કલકત્તાના એ વખતના આગેવાનો અને ઉચ્ચ અધિકારીઓના નામ પાડતો ને તે નામથી અહેવાલો છાપતો. પરિણામે તેણે બહુ ઝડપથી દેશના પ્રથમ ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્સ અને ાચ ઉચ્ચ અધિકારીઓનો રોષ વહોરી લીધો. વોરન હેસ્ટીંગ્સને તેણે 'ગ્રેટ મુઘલ' કહીને ઉતારી પાડ્યો અને એક ુશિત મહિલા મારિયન ઇમ્ફોક સાથેના તેના પ્રેમ પ્રકરણની ટીકા કરી. આ દરમિયાન અનેક અધિકારીઓ ીના પત્ર સામે પગલાં લેવાની માંગણી કરી ચૂક્યા હતા.

ઈ.સ. ૧૭૮૧માં હીકીના હરીફો પીટર રીડ અને બી. મેસિવિક નામના વેપારીઓએ એક નવું પત્ર ન્ડિયા ગેઝેટ' શરૂ કર્યું. તેમણે શરૂથી જ સરકાર સાસથે સારાસારી રાખી આથી આ પત્રને ટપાલને લગતી કેટલીક ોષ સવલતો મળી. બીજી બાજુ હીકીને અપાયેલી કેટલીક સવલતો પાછી ખેંચી લેવાઈ. હીકી ઉશ્કેરાયો અને તેણે ર કર્યું કે, "જે લોકો લેડી હેસ્ટીંગ્સ સાથે આડા સંબંધો રાખીને વધુ સુવિધા મેળવતા હોય તે ભલે મેળવે. અમને ાં રસ નથી."

એક સ્વીડિશ પાદરી જ્હોન કીરેન્ડરં 'ઇન્ડિયા ગેઝેટ'ને બીબાં અને મુદ્રણ સામગ્રી પૂરી પાડતો હોવાની થી તેણે 'એક પાદરી મુખ્ય દેવળ વેચી કાઢવાનો છે' તેવા સમાચાર છાપ્યા. કીરેન્ડરને ગવર્નર જનરલ સમક્ષ ાની સામે થયેલા આક્ષેપોનો ખુલાસો કરવો પડ્યો અને તેણે તુરત જ હીકી પર બદનક્ષીનો દાવો દાખલ કર્યો. ંગ્સ પણ હીકી પર ખફા તો હતો જ. આથી ગવર્નર જનરલ અને મુખ્ય ન્યાયાધીશ ઇલિજાર ઇમ્પેના તાત્કાલિક શથી શસ્ત્રધારી યુરોપીયનો અને ૪૦૦ દેશી સિપાહીઓએ હીકીને પકડવા તેના પ્રેસ પર દરોડો પાડ્યો પરંતુ

વ્યાખ્યાતા, પત્રકારત્વ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ-૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હીકીએ તેમને યેનકેન પ્રકારે પાછા મોકલ્યા અને પોતે વટથી 'સ્વૈચ્છિક' રીતે કોર્ટમાં હાજર થયો. તેની ધરપકડ કરીને રૂ. ૧૦૦૦ ના જામીન પર તેને મુક્ત કરવામાં આવ્યો.

આ પછી પણ હીકી સખણો રહે તેવી આશા તો ન હતી. તેણે એક કાલ્પનિક સંગીતસભાનો અહેવાલ લખ્યો. જેમાં મુખ્ય ન્યાયાધીશ ઇલિજાર ઇમ્પેના ભત્રીજાને પુલ બાંધવા માટે અપાયેલા ખાસ કોન્ટ્રાકટની વાત તેણે વણી લીધી. પરાક્રમોને કારણે હીકી માટે પણ તેના પુરોગામી બોલ્ટ્સ જેવી સજા નિશ્ચિત બનતી જતી હતી. એવામાં તેણે એક વધુ અડપલું કર્યું. તેણે એવા સમાચાર છાપ્યા કે કંપની સરકારના કેટલાક અધિકારીઓએ તેને મારી નાખવાનું કાવતરું કર્યું છે અને આ અધિકારીઓ તેના પર હુમલો કરવા આવ્યા હતા. હીકીથી ગળે આવી ગયેલી કંપની સરકારે ખુદ આક્ષેપાત્મક લખાણો અંગે હીકી સામે કેસ કર્યો. ફરી એકવાર તેને ઇમ્પે સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેને ગુનેગાર ઠરાવીને ચાર મહિનાની જેલ અને રૂ. ૫૦૦નો દંડ કરવામાં આવ્યો. જો કે હીકી હજુ ગભરાયો ન હતો.

બ્રિટિશ અધિકારીઓની એવી ગણતરી હતી કે હીકી જેલમાં જશે એટલે 'બેંગાલ ગેઝેટ' બંધ થઈ જશે પરંતુ એવું ન થયું. પત્ર પહેલાની માફક નિયમિત રીતે બહાર પડતું અને તેમાં અગમ્ય રીતે હીકીની કોલમ પણ છપાતી. જેલમાં બેઠાં બેઠાં પણ તેણે કલમની ધારને બુઠ્ઠી થવા ન દીધી. 'બેંગાલ ગેઝેટ'ને પણ અગાઉની માફક જ વાચકોનો ઉત્કટ પ્રતિભાવ મળતો રહ્યો. ક્રોધે ભરાયેલા હેસ્ટીંગ્સે અંતે માર્ચ ૧૯૮૨માં[૫] તેનું પ્રિન્ટીંગ પ્રેસ કબ્જે કર્યું. આમ, બે વર્ષમાં જ આ પત્ર અકાળે મરણ પામ્યું. 'હીકી ગેઝેટ'નો આ બે વર્ષનો ઇતિહાસ તોફાની, બળવાખોર અને રોમાંચક હતો.

હીકીમાં ભારતીય પત્રકારત્વના પ્રારંભકર્તા તરીકેની વિશેષતા એ હતી કે તે સ્વાતંત્ર્યનો ચાહક હતો. અને અખબારી સ્વતંત્ર્ય માટે છેક સુધી ઝઝુમ્યો હતો. આમ છતાં, તેણે હિંદવાસીઓની સ્વતંત્રતાની તરફેણ ક્યારેય કરી ન હતી. ધર્મ, પ્રમાણિકતા કે નૈતિકતા જેવી બાબતોને અવગણીને તેણે ઘણીવાર ગંદા તથા અતિશયોક્તિભર્યા અહેવાલો પણ છાપ્યા હતા. પછીના વર્ષોમાં સત્તા અને અખબારો વચ્ચેના અવિરત સંઘર્ષનું પહેલું પગથિયું હીકી હતો. સત્તા સામે તેણે આદરેલી લડત અજોડ હતી. પરંતુ, પીળા પત્રકારત્વ તરફનો તેનો ઝુકાવ ખૂંચે તેવો હતો. તેનું પૂર્વજીવન પણ ખાસ ઉત્સાહજનક ન હતું. આયાત-નિકાસના વેપારમાં થયેલી ખોટ ભરપાઈ ન કરી શકવાથી તેને જેલ થઈ હતી અને તે રહસ્યમય રીતે જ જેલમાંથી છૂટી ગયો હતો. ત્યાર બાદ મુદ્રક તરીકેના અનુભવને કારણે કુટુંબના ભરણપોષણ અર્થે તેણે છાપખાનું શરૂ કરવાનું નક્કી કર્યું. આ છાપખાનું એ જ 'બેંગાલ ગેઝેટ'. તે પોતાના કામને ગુલામી સમજતો હતો છતાં તેના ગૌરવ માટે તે છેક સુધી ઝઝુમ્યો.

'બેંગાલ ગેઝેટ'એ ભારતમાં પત્રકારત્વના જન્મસ્થળ એવા કલકત્તામાં વધુ સામયિકો અને અખબારો શરૂ કરવાની પ્રેરણા આપી. હીકીના સાહસ પછીના છ વર્ષોમાં કલકત્તામાંથી ચાર સામયિક અને એક માસિક બહાર પડવા માંડ્યા હતા. હીકીએ કંડારેલી કેડી પર તેમણે કદમ તો માંડ્યા પરંતુ કદાચ સતત ઝઝૂમવાની શક્તિના અભાવે ઈ.સ. ૧૭૯૯ સુધીમાં તો તેમાંથી માંડ એકાદું જીવંત હતું.

**પાદટીપ**

૧. Rangaswami Pauthsauthi, Journalism in India, New Delhi, 1991, page-19.

૨. Rangaswami Pauthsauathi, Journalism in India, New Delhi, 1991, page-6.

૩. J. Natrajan History of Journalism in India, New Delhi, 1991, page-5.

૪. રમેશ રંગનાથ ગૌતમ, વૃતવિવેચન, મુંબઈ, ૧૯૪૫, પૃ. ૧૯૪.

૫. Rangaswami Pauthsauthi, Journalism in India, New Delhi, 1991, page-21.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સરદાર પટેલની વાણી

ડૉ. મહેશ એમ. ત્રિવેદી

સરદાર વલ્લભભાઈ પટેલને નાટ્યકાર ચંદ્રવદન મહેતા (ચં.ચી.મહેતા)એ 'ધર્મવીર' અને 'દેશભક્ત' તરીકે બિરદાવ્યા હતા. કવિ બાલમુકુન્દ દવેએ 'વજ્રપુષ્પ'ની ઉપમા સરદાર માટે પ્રયોજિ હતી. શ્રી એચ.એમ.પટેલે વલ્લભભાઈને 'ભારતની અપૂર્વ એકતાના સર્જક' તરીકે ઓળખાવ્યા છે. સરદારની વાણીની સરાહના કરતાં કવિ નાથાલાલ દવેએ વર્ણવ્યું છે કે,

''ગાજી હતી આ ગુજરાતે,
વજ્જર વાણી સરદારની,
નિર્ભય સિંહસમી એ છાતી,
બુલંદ જોમભરી ઊભરાતી,
શૌર્યવંતી, તીખી ને તાતી
જેમ ધાર હોય તલવારની.....ગાજી''[1]

જ્યારે ઉમાશંકર જોશીએ સરદાર વિશેના એક કાવ્યમાં સરદારની વાણીને 'અગ્નિઝરતા શબ્દોનું ઉદ્ભવસ્થાન' કહીને બીરદાવી છે. તેમની વાણીની તાકાત ને શબ્દોમાં માપતાં લખ્યું છે કે, "ધારદાર શબ્દોના ઘા કરવામાં રાચે છે પણ હમણાં હમણાં તો એમની આત્માની ગોફણમાંથી છૂટે-શબ્દ નહીં, પણ તાતી સંકલ્પશક્તિ. એના શબ્દો શબ્દો નથી પરંતુ કાર્યો છે."[2]

સરદારની વાણી ખેડા સત્યાગ્રહ હોય કે રોલેટ સત્યાગ્રહ, ગુજરાતમાં જાગૃતિ લાવવામાં ઉપકારક નીવડી હતી. સરદારના ભાષણોમાં સ્વરાજ પ્રાપ્તિના આદર્શ સાથે પ્રજાને થયેલાં અન્યાયને વાચા આપવાની ગજબ તાકાત હતી. તેના શબ્દે શબ્દે લોક-લાગણી પ્રબળ બનતી હતી. ગાંધીજીના સત્યાગ્રહોને સ્વાતંત્ર્યની ચળવળના નાના-મોટાં કાર્યક્રમોને સફળતા અપાવવામાં તેમનું નેતૃત્વ અને તેમની વાણીએ જબરો પ્રભાવ પાડ્યો હતો. સરદારને સાહિત્યની દૃષ્ટિએ ભાષાની શુદ્ધિ-અશુદ્ધિ કે ઝીણવટની કાંઈ બહુ પડી ન હતી. એમણે એમની આગળ અખાનો આદર્શ રાખેલો જણાય છે, જેમકે ભાષાનો શું વળગે ભૂર. જે રણમાં જીતે તે શૂર. દેશભક્તિથી સદાય પ્રજળી રહેલા અને જનતાનાં દુઃખો જોઈને વલોવાઈ રહેલા હૃદયમાંથી નીકળેલી એમની બાની (વાણી) આપોઆપ સાહિત્ય બની જતી કારણ કે તેમાં સત્યનો રણકો વિશેષ સંભળાતો.

ઈ.સ. ૧૯૧૫-૧૬માં સરદારે ગુજરાતના જાહેર જીવનમાં પ્રવેશ કરી ગાંધીજીની સાથે રાજકીય સંબંધો સ્થાપ્યા હતા, જે પાછળ આત્મિય અને કૌટુંબિક બન્યા હતા. ઈ.સ. ૧૯૧૮ થી ઈ.સ. ૧૯૪૭ સુધી તેમના ભાષણોના ગ્રંથસ્થ થયેલાં પુસ્તકમાં[3] સરદારનો ગાંધીજી પ્રત્યેનો ભક્તિભાવ અનેક સ્થળે જોઈ શકાય છે. ગાંધીજીના આદર્શોનો પડઘો કે પ્રતિબિંબ સરદારના ભાષણોમાં ઠેર ઠેર જોવા મળે છે. તેમનાં ભાષણોને કેટલાંક લોકમાન્ય ટિળક કે અબ્રાહમલિંકન સાથે સરખાવે છે. તેમનાં ભાષણોમાં તળપદા રૂઢપ્રયોગો, અર્થગર્ભ કહેવતો ઊડીને આંખે વળગે તેવી છે. ગાંધીવાદનો પ્રચાર અને પ્રસાર તેની વાણીમાં આબાદ ઝીલાયો છે. તેમનાં ભાષણોમાં બહુ વિદ્વતાને બદલે જીભની તીખાશ અને સત્યનો રણકો અવશ્ય સંભળાતો. સરદારની વાણીમાં અખાની વેધકતા, નર્મદનો જુસ્સો અને સ્વામી આનંદની તળપદી શૈલીમાં પ્રસરતી ધરતીની મ્હેંક એમ ત્રણેય લક્ષણો એક સાથે પ્રગટ થતા જોવા મળે

★ અધ્યાપક, ઈતિહાસ વિભાગ, એલ.એન.સી. મહેતા આર્ટ્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ-૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. સરદારની વાણીમાં વ્યંગ, હૃદય સોંસરી ઊતરી જાય તેવી દલીલો, ઘરગથ્થુ ઉપમાઓ, વિનોદ, તર્કનો તિખારો, વેધક કટાક્ષ, ચમચમતા ચાબખા અને ભાષા સંયમ સ્પષ્ટ જોવા મળે છે. સરદારના સૌથી પ્રાણવાન પ્રવચનો બારડોલીના સત્યાગ્રહ વેળાનાં છે. બારડોલી સત્યાગ્રહ વેળાં તેમનાં ભાષણો હૃદયસ્પર્શી હતા. લોકવાણી સાથે તેમાંથી દેશદાઝ અને નરી વાસ્તવિકતા નીતરે છે. સરદારના જાહેર ભાષણનો પ્રારંભ ખેડા સત્યાગ્રહ વેળાએ ૧૮ મી એપ્રિલ ૧૯૧૮ના રોજ થયેલો જ્યારે તેમણે છેલ્લું ભાષણ દિલ્હીના રામલીલા મેદાનમાં તા.૧૧-૮-૧૯૪૭ ના રોજ આપેલ હતું.[૪]

કનૈયાલાલ મુનશી સરદારની વાણી વિશે પોતાનો અભિપ્રાય ટાંકતા જણાવે છે કે, "સાધારણ રીતે સરદાર બહું બોલકણા ન હતા. ગરમાગરમ ચર્ચા સમયે તેઓ પ્રશાંત મૂર્તિની પેઠે બેસી રહેતા, બોલવાને ખાતર તેઓ કદી બોલ્યા જ નથી. પરંતુ જ્યારે જરૂર પડી છે ત્યારે તેઓ ગર્જના કરી શકતા. તેમની વક્તૃત્વશક્તિ અસાધારણ હતી."

'હિન્દછોડો' ચળવળ દરમિયાન તેમણે કરેલું જોરદાર પ્રવચન તેજાબી ભાષામાં કે અગ્નિભર્યા શબ્દોનાં ધોધ વહેડાવતું હતું. 'હઠ' શબ્દ ઉપર તેમણે કરેલી રમૂજ અવિસ્મરણીય છે. 'હઠ' શબ્દના બે અર્થ છે, એક તો હઠલેવી તે અને બીજું પીછેહટ કરવી. તેમણે કહ્યું કે "એક કહેવતમાં જણાવ્યું છે તેમ દુનિયામાં ત્રણ પ્રકારની હઠ જાણીતી છે. સ્ત્રીહઠ, બાળહઠ અને રાજહઠ, પરંતુ અંગ્રેજોએ ચોથી હઠ શોધી કાઢી છે જે પીછેહઠ છે-સરદારની વાણીનાં અનેક પાસાંઓ છે-એનું વૈવિધ્ય અપાર છે. સરદારની વાણીમાં વિનોદવૃત્તિ એક નોંધપાત્ર બાબત હતી, સ્વામી આનંદ અને ગાંધીજીના ભાષણોમાં 'હું'નો ખટકો ક્યાંય ન ખૂંચે જ્યારે સરદારના ભાષણોમાં 'હું'નો વારંવાર ઉલ્લેખ જોવા મળે છે. દા.ત.

"હું બેઠો છું ત્યાં સુધી પ્રજાને નમવા નહીં દઉં."

હું કાંઈ આગેવાન નથી, હું તો એક બાપુનો સિપાહી છું.

"હું ખેડૂતનો દીકરો છું."

'હું તો ખેડૂત રહ્યો. એક ઘાએ બે ટૂકડા કરવાની મારી જન્મથી ટેવ નથી.'[૫]

સરદારની લોકવાણીમાં રમૂજવૃત્તિના અનેક પ્રસંગો તેમણે કહ્યા હતા.

"બારડોલીના ખેડૂતોની જમીન લેવા નીકળેલાં એમ સમજે છે કે આતો ધરમરાજાનો ગોળ લૂંટાય છે. એમને ખબર નથી કે આતો કાચો પારો છે. રુંવે રુંવે ફૂટી નીકળવવાનો છે."

સરદારની વાણી જેમ જ તેમની કલમમાંથી પણ ગાંધીનિષ્ઠા અને ગુરુભાવ ટપકે છે.

**પાદટીપ**


૧. નાથાલાલ દવે, સરદારની વાણી, અનુરાગ પ્રકાશન, ૧૯૭૩

૨. ઉમાશંકર જોશી, 'સરદાર કાવ્ય', નિરીક્ષક તા. ૩૦-૧૦-૮૪

૩. નરહરિ દ્વા. પરીખ. અને ઉ.દી. શાહ, 'સરદાર વલ્લભભાઈના ભાષણો', નવજીવન પ્રકાશન (૧૯૪૯).

૪. ઈશ્વરલાલ ઈ. દેસાઈ - 'બારડોલી સત્યાગ્રહ', સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત સુરત (૧૯૩૦) પા. નં. ૩૮૪.

૫. અંબેલાલ ગો. દેસાઇ-"સરદાર વલ્લભભાઇ પટેલની વિચારસરણી, સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક સો. શાહીબાગ, ઈ.સ. ૧૯૯૬.




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રવાદ અને જનજાગૃતિના વિકાસમાં ગાંધીયુગના ગીતોનું પ્રદાન (૧૯૧૫-૧૯૪૭)

પ્રા. વિકેશ સુશીલચંદ્ર પંડ્યા *

રાષ્ટ્રીય ભાવનાનું મુખ્ય સ્રોત જેટલું બૌદ્ધિક છે તેટલું જ તે આધ્યાત્મિક અને ભાવનાત્મક એકતાના સ્વરૂપનું પણ છે. જે જમાનામાં ભારત અને ગુજરાતનો ઘણો મોટો જનસમૂહ તદ્દન નિરક્ષર હોવાથી તે અખબારો અને સામયિકોમાં પ્રસિદ્ધ થતી માહિતીઓથી વંચિત રહ્યો હતો. તે જમાનામાં રાષ્ટ્રીય ભાવનાનો પ્રસાર અને પ્રચાર કરનાર હોય તો તે રાષ્ટ્રગીતો હતા. ઉમાશંકર જોષી અને સ્નેહરશ્મિ જેવા તેજસ્વી કવિઓનાં ગીતોમાં વ્યક્ત થયેલો ભાવ સામાન્ય માણસો સમજી શકે તેમ ન હતું. જો સાદી અને તળપદી ભાષામાં રાષ્ટ્રગીતો રચાય તો જ મિલમજૂરો, ગામડાના ખેડૂતો અને આદીવાસીઓ સમજી શકે તેવી સ્થિતિમાં હતા. ગુજરાતના સદ્ભાગ્યે આવા સંજોગોમાં એવા અનેક સ્ત્રી-પુરુષો પેદા થયાં જેઓ સ્વાતંત્ર્ય સેનાનીઓ પણ હતા, પાયાના કાર્યકરો (grass-roots works) પણ હતા અને કવિઓ પણ હતા. અલબત્ત તેમના કાવ્યો આંજી નાખે તેવા ન હતા, પરંતુ પ્રચાર અને પ્રસારના માધ્યમો તરીકે તેણે જે ભૂમિકા ભજવી તે સાચે જ દાદ માગી લે તેવી હતી. સાચા અર્થમાં તેમની ગણના 'કવિ' તરીકે થઈ શકે નહિ, પરંતુ સંજોગોએ તેમને રાષ્ટ્રગીતો રચવાને પ્રેરિત કર્યા હતા. આ પ્રકારના કવિઓ કોણ હતાં ? તેમણે ક્યા રાષ્ટ્રગીતો લખ્યાં ? અને, તેમની કૃતિઓની સામાન્ય જનતા પર કેવા પ્રકારની અસર થઈ ? - એક ઇતિહાસકાર તરીકે આવા પ્રશ્નો પૂછીને આ લેખની ચર્ચા કરવામાં આવી છે.

**ખેડા જિલ્લાના કેટલાક કવિઓ :-**

અસહકારના આંદોલન (૧૯૨૦-૨૨) દરમ્યાન "વર્તેજવાળા મનહરે" અનેક ગીતો રચ્યાં હતા. તેઓ ખેડા જિલ્લાના એક ખેડૂત હતા અને આ આંદોલન દરમ્યાન તેમણે ખાદી અને રેંટિયો અપનાવ્યાં હતાં. તેમણે રચેલું નીચેનું રાષ્ટ્રગીત ગામડાઓની ભાગોળો અને ઝૂંપડાઓમાં ગવાતું :

**મારો રેંટિયો**

"ધીરો ધીરો ચાલે રે મીઠો મીઠો ગાજે રે,  
રૂડો મારો રેંટિયો હો જી.  
એ રેંટિયામાં દેશોદયના નીકળે તાર,  
એ તારે તારે ભાળુ ભારતનો ઉદ્ધાર.  
ધીરો ધીરો ચાલે રે....... "

કેશવદાસ ગોકળદાસ શાહ નામના રચનાત્મક કાર્યકર ભરૂચ તેમજ નડિયાદમાં પુસ્તક વિક્રેતાની દુકાન ધરાવતા. તેઓ પોતે માત્ર અંગ્રેજી ૪ ધોરણો સુધીનું જ શિક્ષણ પામ્યા હતા. આમ છતાં તેમની સ્વદેશ પ્રેમની ભાવના એવી તો ઉત્કટ હતી કે તેમણે ૧૯૨૩માં "હમારા હક્કો" શીર્ષક નીચે કેટલાક કાવ્યો પ્રસિદ્ધ કર્યા. આ ગ્રંથ અપ્રાપ્ય છે.[૧] આ ગ્રંથમાંથી નીચેનું ગીત 'ગઝલ'ના સ્વરૂપમાં ગામડાઓમાં ગવાતું :

**તમારી પાસ માગીશું**

"વિદેશી પાઘડી કેવી, નરકની ટોપલી જેવી,

* વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિરે કાં સાચવો એવી, વિદેશી પાઘડીવાળા.
વિદેશી પાઘડી કેવી, ગરીબની ઠાઠડી જેવી,
ગરીબોની ખોપરી જેવા, વિદેશી પાઘડીવાળા."

ખેડા જિલ્લાના વસોના રહેવાસી ઇશ્વરભાઈ ગાંધીજીના રચનાત્મક કાર્યોને તો વરેલા જ હતા પરંતુ તેમણે અસહકારના આંદોલન દરમ્યાન એવા તો ચોટદાર રાષ્ટ્રગીતો રચ્યા કે મુંબઈ સરકારે તેમના ગીતોને જપ્ત કર્યા. મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવની ફાઈલોમાં તેમના રાષ્ટ્રગીતો આજે પણ સચવાયેલા છે. તેમાનું એક ગીત "પ્રપંચી કો ખરા કે નહિ" ગુજરાતના ઘણાખરાં ગામડાઓ અને નગરોમાં લોકગીતો ચડેલા આ રાષ્ટ્રગીતની કેટલીક કડીઓ નીચે મુજબ છે :

**પ્રપંચી કો ખરા કે નહિ**

"અમારે આંગણે આવી, અમોને ખુબ લલચાવી,
ગયા આજે તમે ફાવી, પ્રપંચી કો ખરા કે નહિ.
સલામી તો પ્રથમ ભરતા, કહ્યું ડહાપણ ભર્યું કરતા,
હમારાથી બહુ ડરતા, પ્રપંચી કો ખરા કે નહિ.
કરી વેપારની વાતો, ફસાવ્યા ભોળવી આતો,
હવે મારો તમે લાતો, પ્રપંચી કો ખરા કે નહિ.
ધિર્યા નાણાં કપટ વિધિ, લખાવી મિલકતો લીધી,
ન પાછી એ તમે દીધી, પ્રપંચી કો ખરા કે નહિ.
નવાબી ચાલતી જ્યાં જ્યાં, કર્યા કદમો ત્યાં ત્યાં તમે
લડાવ્યાં માંહો માંહે ત્યાં, પ્રપંચી કો ખરા કે નહિ." [૩]

ફૂલચંદભાઈ શાહ નડિયાદના વતની હતા અને તેમણે તેમનું પ્રાથમિક શિક્ષણ પણ નડિયાદમાં જ પ્રાપ્ત કર્યું હતું. તેઓ વ્યવસાયે કવિ ન હતા. આમ છતાં ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ વખતે તેમણે રચેલું નીચેનું ગીત ગુજરાત ભરમાં લોકપ્રિય બન્યું હતું.

**લીધી પ્રતિજ્ઞા**

"અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે જમીના જુલમો થાય.
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે તાલુકો ખાલસા થાય.
બારડોલીનું નામ નહિ બોળશું રે,
ભલે કાયાના કટકા થાય. " [૪]

**દક્ષિણ ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓએ રચેલાં રાષ્ટ્રગીતો :**

ભારતની આઝાદીની લડતમાં જુગતરામ દવે, મીઠુબેન પીટીટ, જ્યોત્સનાબેન શુકલ અને કુંવરજી મહેતા જેવા સ્ત્રી પુરુષોએ તો મહત્ત્વનો ભાગ ભજવ્યો જ હતો, પરંતુ તેમાં આદિવાસીઓએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આદીવાસીઓમાં દારૂ અને તાડી પીવાનો રિવાજ ચોમેર પ્રસર્યો હતો. હાળી પ્રથાની લોખંડી બેડી તો તેમને વળગી જ હતી, પરંતુ દારૂ-તાડીના સેવનને લીધે પણ તેમની પરિસ્થિતી તદ્દન લાચાર બની ગઈ હતી. પરંતુ ગાંધીવાદી કાર્યક્રમોની તેમની ઉપર વિધાયક અસરો પડવી શરૂ થઈ. આ સંદર્ભમાં નીચેનાં ગીતો મહત્ત્વના છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જુગતરામ દવેનું સમગ્ર જીવન આદિવાસીઓના ઉદ્ધાર માટે વ્યતીત થયું હતું. તેમણે એક તરફ રેંટિયા અને ખાદીને આદિવાસીઓમાં લોકપ્રિય બનાવ્યા અને બીજી તરફ તેમણે નશાકારી દ્રવ્યો સામે ઝુંબેશ શરૂ કરી. જુગતરામના કાવ્યો તદ્દન સાદી અને સરળ ભાષામાં એવી રીતે રચાતાં કે આદિવાસીઓ તે સમજી શકે. તેમના નીચેના બે ગીતો અત્રે ટાંકીશું.

### (૧) લખમીધર શેઠ

"હું તો લખમીધર શેઠ
મારું બહુ મોટું પેટ !
દુનિયા આખી સમાય તેમાં, સોના ચાંદી સમેત !
મારૂં બહુ મોટું છે પેટ
દુકાળિયાની ભૂખ
એ તો મારું મોટું સુખ !
એ ભૂખમાંથી મહોર પકાવું, એવો મારો પેચ !
મારું બહુ મોટું પેટ ![૫]

### (૨) પીશોમાં

"તમે પીશોમાં પીશોમાં પીશોમાં, દારવો પીશોમાં,
તમે ભડ ભડ ભડ બાળનારો દારવો પીશોમાં." [૬]

ગાંધીજીના પાયાના કાર્યકરોના અથાગ પરિશ્રમને પરિણામે ઉકાભાઈ ચૌધરી જેવા અનેક આદિવાસી નેતાઓ આઝાદીની લડતમાં તેમજ સ્વાતંત્ર્ય આંદોલનમાં સામેલ થયા. ઉકાભાઈ ચૌધરીએ ખાદી અને રેંટિયાના અનેક ગીતો રચ્યા હતા, પરંતુ તેમના કાવ્ય " ડૂબિયાં ડૂબિયાં ડૂબિયાં"માં તો આદિવાસી પ્રજાના મનનું સાચું દુઃખ વ્યક્ત થતું હતું. તેમનું હૃદયદ્રાવક ગીત તે સમયની આદિવાસીઓની પરિસ્થિતિનું આબેહૂબ શબ્દચિત્ર દોરે છે. તેઓ કહે છે કે અત્યાર સુધી આપણે તો શોષણની ચક્કીમાં પીસાયા કરતા હતા અને આ જોઈને દૂર્જનો રાજી થતી હતા. આપણને જો કોઈ ઉગારનાર હોય તો તે ગાંધીજી જ છે. આ ગીત સમગ્ર આદિવાસી પ્રજામાં તે સમયે અવાર-નવાર ગવાતું અને લલકારાતું.

''ડૂબિયાં ડૂબિયાં ડૂબિયાં
ડૂબિયાં ડૂબિયાં ડૂબિયાં આપણે
દુઃખને દરિયે ડૂબિયાં રે,
ડૂબતો જોઈને દુરીજનોએ
ઉપરથીતો દાંબિયા રે, .... ડૂબિયાં
ડૂબિયાં તે તો આપણ ડૂબિયાં
પડખે કોઈ નવ ઊભિયા રે,
પડખે ના ઊભિયા ને આપણે ઊભિયા
ડૂબતાં જોઈને ગાંધીજી આવ્યા,
રેંટિયા નાવડી લાવિયાં રે,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાવડીમાં ઝટ અમને ચડાવિયાં
દુઃખ દરિયેથી તારિયાં રે...... ડૂબિયાં" ૭

**સમાપન :**

ગાંધીયુગ દરમ્યાન ભારતની આઝાદીની લડતમાં ગુજરાતનું પ્રદાન વિશિષ્ટ હોય તે સ્વાભાવિક જ હતું. રાષ્ટ્રવાદની લડત પ્રચાર અને પ્રસારના માધ્યમો દ્વારા પણ લડાઈ હતી. આ લેખનું મુખ્ય તારણ એ છે કે ગાંધીયુગની અનેકવિધ અસરોને લીધે કેટલાંક તદ્દન સામાન્ય ગણાય તેવા માણસોએ પણ તેમની કાવ્ય કૃતિઓ દ્વારા રાષ્ટ્રીય ભાવના પ્રસાર કરવાનું કાર્ય કર્યું હતું. આવા કવિઓની ભાષામાં કોઈ ચમત્કૃતિ ન હતી, તેમનો હેતુ પણ કવિ તરીકે પ્રસિદ્ધિ પામવાનો ન હતો. તેમનો મૂળભૂત હેતુ લોકોને રોજી રોટી આપી શકે તેવા ખાદી અને રેંટિયાના કાર્યક્રમોને જનસમૂહમાં ફેલાવવાનો હતો. મજૂરો અને આદિવાસીઓને દારૂ-તાડીના સેવનમાંથી મુક્ત કરવાનો તેમનો મુખ્ય હેતુ હતો. જે જમાનામાં બ્રિટિશ સલ્તનત સામે અહિંસક રીતે લડવા માટે સમાજના તમામ વર્ગો, વર્ણો અને કોમોની એકતાની જરૂર હતી તે પ્રકારની સાચી એકતાને વિકસાવવાનો તેનો હેતુ હતો. જે રીતે ગુજરાતના સામાન્ય માણસો રાષ્ટ્રગીતો રચી શક્યા તે બતાવે છે કે ગાંધીજીના કાર્યક્રમો સમગ્ર જનતામાં લોકપ્રિય બન્યા હતા. આજની યુવાન પેઢી માટે અને ખાસ કરીને આદર્શો વગરના આપણા સ્વાર્થી રાજકીય નેતાઓ માટે ગાંધીયુગના બલિદાનો સાચે જ પદાર્થપાઠ સમાન છે.

**પાદટીપ**

૧. મૃદુલા પુરોહિત, ગુજરાતી કાવ્ય-સાહિત્યમાં વ્યક્ત થયેલી રાષ્ટ્રીયતાની ભાવના, ૧૯૧૫-૧૯૪૭ (અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, ૧૯૮૮) પૃ. ૧૦૬

૨. આ કાવ્ય સંગ્રહ માત્ર મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવમાંથી જ મને ઉપલબ્ધ થયો હતો. ૧૮મા સૈકાના સુરત અંગે જ્યારે હું સંશોધન કાર્ય માટે મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવમાં ગયો ત્યારે મને આ કાવ્ય સંગ્રહ ઉપલબ્ધ થયો હતો.

૩. Home (Special) Department, File No. 114 of 1923. Maharashtra State Archives, Bombay.

૪. ઇશ્વરલાલ દેસાઈ, લડતના ગીતો (સુરત, ૧૯૭૦) પૃ. ૪૬.

૫. ઇશ્વરલાલ દેસાઈ (સંપા.) રાની પરજમાં જાગૃતિ (સુરત, ૧૯૭૧) પૃ. ૧૮૭.

૬. સ્વરાજ્યના ગીતો ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, (અમદાવાદ, ૧૯૩૧) પૃ. ૧૨૧.

૭. ભીખાભાઈ પુરુષોત્તમ વ્યાસ (સંપા.), રાષ્ટ્રકીર્તન (અમદાવાદ, ૧૯૨૩) પૃ. ૧૦.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છના આર્થિક વિકાસનાં પરિપ્રેક્ષ્યમાં 'કંડલા બંદરનું મહત્વ'

પ્રા. એમ. જે. પરમાર *

ઈતિહાસ માનવીનાં કરેલા કાર્યોનું વર્ણન કરે છે. કોઈ પણ રાજ્યની પ્રગતિ તેના અર્થતંત્રને આભારી હોય છે. રાજ્ય સમૃદ્ધ હોય તો જ તેની સંસ્કૃતિનો દરેક ક્ષેત્રમાં વિકાસ થતો હોય છે. માનવી પોતાના દરેક ક્ષેત્રમાં અર્થની બાબત જોતો હોય છે.

કચ્છના ઈતિહાસમાં કચ્છ પ્રાચીન સમયે સમૃદ્ધ પ્રદેશ હતો, કચ્છની આર્થિક સ્થિતિ ખૂબ જ સારી હતી. તેથી તો કચ્છના પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ, કચ્છની પ્રજા, તેના સંસ્કારો, ભાતીગળ જીવન વગેરેના વિપુલ પ્રમાણમાં પુરાવા પ્રાપ્ત થાય છે. કચ્છના જાડેજા રાજાઓનાં સમયમાં કચ્છના મોટા વેપારીઓ જેમાં શેઠ જગડુશા પણ હોય, પણ કદાચ તે પછી પરિસ્થિતિ પલટાઈ હોય તેમ લાગે છે. કચ્છની કચ્છી પ્રજા વિવિધ શહેરોમાં જઈને વસી છે. આજે તેમનો વારસો કચ્છનો ભવ્ય ઈતિહાસ વાગોળે છે. અને હજારો રૂપિયાના દાન દક્ષિણા કચ્છ માટે આપે છે. કચ્છનો ભૌગોલિક પ્રદેશ ભારતનાં નકશામાં ઉત્તર અક્ષાંશ ૨૨ અને પૂર્વ રેખાંશ ૬૮ અને ૭૨ની મધ્યમાં સ્થિત કચ્છ ત્રણ બાજુએથી સમુદ્રથી અને રણથી ઘેરાયેલો પ્રદેશ છે. આમ કચ્છ સમુદ્ર અને રણથી આવૃત્ત પ્રદેશ છે.[૧]

કચ્છ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. કચ્છનો કુલ વિસ્તાર ૪૫૬૧૨ કિલોમીટર છે. આ પ્રદેશ લગભગ ૨૫૭ કિલોમીટર લાંબો અને ૫૬ થી ૧૧૨ કિલોમીટર પહોળો છે. કચ્છને કુદરતે નાના-મોટાં ડુંગર અને ટેકરીઓથી શણગાર્યું છે. આ ડુંગરાઓ ત્રણ શૃંખલામાં જોવા મળે છે. ઉત્તરની રણધારની પહાડીઓ પચ્છમ-ખડીર અને પ્રાંથલ-ચોરાડ સુધી ફેલાયેલી છે. મધ્યની ગિરિમાળા કચ્છનાં ઉત્તર રણથી લખપતનાં ઝરા ડુંગરથી પૂર્વ પશ્ચિમ કીડા અને હલાય ડુંગરનાં રૂપમાં વિસ્તરેલ છે. અહીં ધીણોધર, વારાર, જૂરા, ઇલાય, રોહા, પચાડવા, ભુજીયો, ધીણોધર જેવા ડુંગરો આવેલ છે.

કચ્છનો સમુદ્ર કિનારો ૩૫૨ કિલોમીટર લાંબો છે. જે દાતા-દાતાવાળો નહોતો સમતલ છે. જેમાં નાની મોટી નાળો છે. કેટલીક નાળોની કુદરતી રચનાં એવી સરસ અને ઉપયોગી છે કે હિન્દમાં આવી ઉંડી લાંબી પહોળી અને ઉંડી પાણીની સલામત નાળો થોડી જ હશે. આ નાળો કચ્છ માટે વર્તમાન સમયમાં આશિર્વાદ સમાન છે. કચ્છ લખપતથી માંડવી સુધી અરબી સમુદ્ર અને માંડવીથી શિકારપુર સુધી કચ્છનો અખાત, કચ્છના સમુદ્ર કિનારે જખૌ-લખપત-માંડવી-મુદ્રા બંદરો હતા. કંડલાનું જુનું બંદર નાનું હતું. નવા બંદરની જરૂરિયાત હતી. માંડવીથી શિકારપુર સુધીમાં કચ્છનાં અખાતનાં કિનારે મુદ્રા અને તુણાએ બે નાના માંડવી બંદર કંડલા બંદર કરતાં મહત્ત્વનું બંદર હતું. કચ્છની દરિયાઈ વિશેષતામાં કચ્છનાં અખાતમાં કોઈ મોટી નદીઓ કાંપ ઠાલવતી નથી. ભારતમાં કુલ ૧૭૧ બંદર છે. જે પૈકી ગુજરાતમાં એક મોટું અને ૧૨ મધ્યમ કક્ષાનાં અને ૨૮ નાનાં બંદરો છે. ભારતમાં સૌથી વધારે ગુજરાતને દરીયાકાંઠાનો લાભ પ્રાપ્ત થયો છે. આથી ઈ.સ. ૧૯૫૮ પછી ગુજરાતનું સૌથી મોટું મુક્ત વ્યાપાર ઝોન આયાતી બંદર તરીકે વિકાસ થતો રહ્યો છે. તે દ્વારા કચ્છ ભારતનાં અન્ય ભાગ સાથે જોડાઈ ગયું છે.

**(૧) કંડલા બંદરના વિકાસ પૂર્વે કચ્છના બંદર કંડલાની સ્થિતિ :-**

કચ્છનાં ૩૫૨ કિ.મી. લાંબા દરિયાકાંઠામાં લખપત, માંડવી, કોટેશ્વર, જખૌ, મુન્દ્રા તૂણા કંડલાનું નાનું બંદર હતું. ભદ્રેશ્વર બંદર હતું. ભદ્રેશ્વરમાં સમુદ્ર પાછો ખસી જતાં બંદર તરીકે તેમનું મહત્ત્વ ઘટી ગયું જે ભદ્રેશ્વર પ્રાચીન મંદિરો તેની ભુતકાલીન જાહોજલાલીની સાક્ષી પૂરે છે.[૨] ઈ.સ. ૧૮૧૯નાં ધરતીકંપને લીધે તેની રહી સહી સમૃદ્ધિ પણ નષ્ટ થઈ ગઈ. ઈ.સ. ૧૮૧૮માં ગુજરાતમાં બ્રિટિશ સત્તા સ્થિર થઈ તે પૂર્વે કચ્છનો વેપાર મેડન,

★ ઈતિહાસ ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મસ્કત, બસરા, મધ્યપૂર્વનાં બંદરો તથા પૂર્વમાં આફ્રિકાનાં મોમ્બાસા, દારે સલામ, ઝાંઝબાર અને લંકા સાથે ધીકતો હતો. ૧૯મી સદીનાં ઉત્તરાર્ધમાં તેમાં ઓટ આવી, અને મુંબઈ બંદરનો વિકાસ થવાથી કચ્છનાં બંદરોની અવગતિ થઈ.

કચ્છનાં અખાતમાં નાળવાળા ભાગમાં જૂના કંડલાની નીચેની નાળમાં નવા બંદરે વિકસાવ્યું. જૂનું કંડલા એ કુદરતી બારી છે. આજનાં બંદરથી બે માઈલ દૂર કંડલાની નાળમાં તેનાં મુખ તરફ નવું મોટું બંદર વિકસ્યું. અહીંયા વમળ વિનાના પ્રવાહવાળી નાળ દરિયાઈ વ્યવહાર માટે કુદરતી રીતે સલામત છે. કચ્છનાં છેક ભુમિવાળા ભાગમાં ઘુસેલી આ શાંત અને ઉંડી નાળમાં દરિયાઈ તોફાનોથી પણ સંપૂર્ણ રક્ષણ મળે છે. બીજા બંદરોની જેમ બ્રેક વોટરની પણ એને જરૂર નથી. આ નાળમાં સાધારણરીતે ૧૩ ફૂટ જેટલું પાણી સતત વહ્યાં કરે છે. ભરતીનાં સમયે ૨૫ ફુટ જેટલું પાણી આવે છે.[૩]

**(૨) કંડલા ખાતે બંદરનાં વિકાસના સંજોગો :-**

આ કંડલાની ખાડીની પ્રાથમિક સર્વેશાહી નૌકાદળે ઈ.સ. ૧૮૫૧માં કરી હતી. ત્યારબાદ શાહી નૌકાદળનાં અફસર કેપ્ટન બેરીએ ૧૯૨૨માં તેનો સર્વે કર્યો હતો. તેની ભલામણ મુજબ ખેગારજી ત્રીજાએ ઈ.સ.૧૯૩૦માં કંડલા બંદરને વિકસાવવા માટે નિર્ણય લીધો. ૧૯૩૧માં ૩૦૦ ફૂટનો ધક્કો બાંધ્યો.

ભારતને આઝાદી મળતાં ભારતનાં ભાગલાં પડતાં પૂર્વમાં ચિતાગોગ (ચટગાંવ) અને પશ્ચિમે કરાંચીનાં બંદરો હિન્દનાં હાથથી ગયાં. હિન્દની ૩૫૦૦ માઈલ લાંબી સાગર કાંઠામાં હવે કલકત્તા, મુંબઈ, મદ્રાસ, વિશાખાપટ્ટનમ, કોચીન, મોટાં બંદરો રહ્યાં. આથી હિન્દનાં કેટલાક ભાગોમાં કરાંચીની બંદરીય સગવડો મળતી બંધ થઈ. તેથી આ મોટા વિશાળ આંતર પ્રદેશ માટે પશ્ચિમ કાંઠો ભારતને એક નવું પ્રવેશ દ્વાર ખોલી આપવાની જરૂરિયાત તાત્કાલિક ઊભી થઈ. આથી ૧૯૪૯માં મધ્યસ્થ સરકારે શ્રી કસ્તુરભાઈ લાલભાઈનાં અધ્યક્ષપદે એક કમિટિ (વેસ્ટ કોસ્ટ મેજર પાર્ટ કમિટિ) નીમી. આ કમિટિએ કચ્છનાં અખાતનો અભ્યાસ કરી એવા અભિપ્રાયો આપ્યો કે જરા પણ ખચકાયા વગર મુખ્ય મોટાબંદર તરીકે કંડલા બંદરને વિકસાવવાં સારૂ તેની પસંદગી કરીને કંડલાની નાળ હિન્દનું નવું પ્રવેશદ્વાર બન્યું.[૪]

આ ઉપરાંત કરાંચીનું બંદર પાકિસ્તાનને ફાળે ગયું. આથી વાયવ્ય ભારતનાં પ્રદેશ માટે માટા બંદરની ભારત સરકારને જરૂર જણાઈ. મુંબઈ અને કલકત્તાનાં બંદરો ઉપર આ વધારાનાં ટ્રાફીકનો બોજો પડતાં સ્ટીમરોને બારાની બહાર રાહ જોવી પડતી. આથી કેટલીક જહાંજી કંપનીઓએ ૫ થી ૧૦ ટકા સરચાર્જ લેવાનું શરૂ કર્યું. મુંબઈ બંદરેથી ઉતરેલો માલ મોકલવામાં મોંઘો પડવા લાગ્યો. તેથી કચ્છનાં અખાતમાં બંદરનો વિકાસ જરૂરી બન્યો.[૫] ઈ.સ. ૧૯૪૯માં મુંબઈની સ્થિતિ સગવડતા વાળી થઈ આ કારણે સ્વતંત્ર ભારતમાં હવે વધતાં વેપારની ખિલવણી માટે એક નવું મોટું બંદર જરૂરી હતું. કંડલા મહાબંદર થાય તે માટે ઉજળા સંજોગો એ હતાં કે પાકિસ્તાનનાં સિંધ પ્રદેશમાંથી ઘણા બધા સિંધીયો (વેપારીઓ) ભારતનાં કચ્છમાં આવવા લાગ્યાં અને સિંધનાં નિર્વાસીતોને ઠેકાણે પાંડવાનાં હોવાથી અને તેમના નગરો કંડલાથી નજીક હોવાનું કચ્છનાં કંડલાને મેજરપોર્ટ તરીકે વિકસાવવાની ઉજળી તક ઊભી થઈ. વળી ઉત્તર ભારતનાં નગરો મુંબઈ કરતાં કંડલાથી વધારે નજીક પડતાં રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ, હરીયાણાનાં વેપારી મથકો બીજા બંદર કરતાં કંડલાની પસંદગી વધારે કરતા.

**(૩) કંડલા મહાબંદરની સ્થાપના :-**

નવા બંદરની રચનાનું કાર્ય ત્રણ તબક્કામાં થયું છે. જૂના બંદરથી ૧૫ નોટિ માઈલ દૂર નવું બંદર બાંધવામાં આવ્યું છે[૬]. આ બંદર ૨૨:૫૮ ઉત્તર અક્ષાંશ અને ૭૦:૧૩ પૂર્વ રેખાંશ ઉપર આવેલું. તેનું બાંધકામ ૧૯૪૮માં શરૂ થયું. આ બંદરની સ્થાપનાનો શિલારોપણવિધિ ૧૯૫૨ની ૧૦મી જાન્યુ.નાં વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂનાં વરદ હસ્તે થયો. વિધિ માટેનાં શિલામાં 'કુર્મશિલા'ની ઉપર શાસ્ત્રોક્ત રીતે આકૃતિ કોતરેલ છે. વચ્ચે કૂર્મ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મથાળે શંખ જલ-પ્રહર, માછલી, સર્પ, દેડકો, મગર, કુર્મિ, ગ્રાસ છે. ચારે બાજુ એ ત્રિશુલ, વજ્રશક્તિ, દંડ તલવાર, નાગપાશ અને ગદા છે. આ સમયે સરદાર પટેલ તા. ૨૦-૨-૧૯૪૯નાં રોજ પત્ર લખ્યો છે. તેમાં લખ્યું છે - 'અનેક સદીઓ પહેલાનું પુરાણી દુનિયાનું આ જગતમાં કોઈ સ્થળ જોતું હોય તો એ કચ્છ છે. જ્યાં આધુનિક દુનિયાની કોઈ હવા લાગી નથી. જેમનું તેમ પડી રહ્યું છે. ત્યાં અત્યારે તો દુષ્કાળ છે. તેમાં મધ્યસ્થ સરકાર લાખો રૂપિયા ખર્ચી રહી છે. સાથે સાથે કંડલાને કરાંચી બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. તેની સાથે બે રેલ્વેઓ જોડવાનો પ્રયત્ન છે. સિંધીઓ બંદરની પાસે મોટું નગર વસાવવાના છે. મોટું એરોડ્રામ બનવાનું છે. આમ ચારે તરફથી કચ્છની સિક્કલ બદલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.[૭] આ બંદરનો વિકાસ ત્રણ તબક્કે થયો. પહેલો તબક્કો ૧૯૪૯ થી ૧૯૫૫માં પૂરો થયો. ૮મી એપ્રિલના રોજ ૧૯૫૫માં નહેરૂનાં હસ્તે બંદરને ખુલ્લુ મુક્યું. પછી ૧૯૫૭માં ૧૧૫૯ મીટર લાંબી અને ૯.૬ મીટર પહોળી જેટલી બંધાઈ કંડલા બંદર પાસે મોટા ગોડાઉનો તેલ સંગ્રહવા માટેનાં મોટા કૂવાઓ અને પેટ્રોલીયમ સિવાયની પ્રવાહી વસ્તુઓનાં વાહન માટે પાંચ પાઈપલાઈન છે. બંદરનો વહીવટ ભારત સરકાર પોર્ટ ટ્રસ્ટ દ્વારા થાય છે. ઉપરાંત મધ્યસ્થ વેર હાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત વેર હાઉસીંગ તથા ખાનગી વ્યક્તિઓની વખારો, વિવિધ તેલ કંપનીઓ, ૩.૪૧ લાખ ટન પેટ્રોલિયમ પેદાશ સંઘરવા માટેની ૪૩ ટાંકીઓ છે. બંદરથી ગોડાઉન સુધી માલની હેરફેર માટે રેલ્વે સાઈડીંગ છે. ભરતી માપવા ઓટોમેટીક ટાઈડગેજ છે. સ્ટીમબરોને બંદર પાસે સલામત રીતે લાવવા પાયલોટ છે. કંડલામાં વરસાદી દિવસોમાં ૩૩૫ મી.મી. વરસાદ પડે છે. એટલે કે આખું વર્ષ માલની હેરફેર થઈ શકે છે. વાવાઝોડાનો ભય નથી.

**(૪) કંડલા બંદરનો વિકાસ :-**

**૪.૧ આયાત-નિકાસનાં સંદર્ભે -**

કંડલા બંદરે પેટ્રોલિયમ પેદાશો, ફોસ્ફરક એસીડ, અનાજ, ખાદ્યતેલ, ખાતર, મ્યુરીએટ પોટાશ, રોકફેસ્ફેટ, ગંધક, ઝાલ્ક, સલ્ફેટ, ત્રાંબાના ગઠ્ઠા, સિમેન્ટ, ન્યુઝ પ્રિન્ટ વગેરેની આ બંદર મારફત આયાત થાય છે. કંડલા મુખ્યત્વે આયાતી રહ્યું છે.

આલ્કોહોલ, ચોખા, ખાંડ, મીઠું, ગુવાર, હાડકાનો ભુક્કો, બેન્ટોનાઇટ, ત્રાંબાના રીવેટ, બોકસાઈટ, ચીરોડી, ચા, ઢોર, રૂ વગેરેની આ બંદરોથી નિકાસ થાય છે. આઝાદી પૂર્વે કંડલામાંથી ફક્ત મીઠાની નિકાસ થતી હતી.[૮] કંડલાના કુલ વેપારમાં પરદેશ સાથે વેપારનો હિસ્સો ૬૩% છે. પેટ્રોલિયમ પેદાશોની આયાત આરબ, અમીરાત, કુવૈત, સાઉદી અરેબીયા, ઈરાન, ઈરાકથી થઈ હતી. લોખંડનાં ભંગારની આયાત યુ.એસ.એ., રશિયા, ફ્રાન્સ, સિંગાપુર, નેધરલેન્ડ, મલેશિયા, ખાંડની આયાત થાઈલેન્ડ, ચીન અને મલેશિયાથી થાય છે. પેટ્રોલ્યમ અને ખાતર માટે વાડીનાર મહત્ત્વના એકમનો વિકાસ થયો છે.

**૪.૨ વાહન-વ્યવહારના સંદર્ભે -**

કંડલા બંદરની સ્થાપના થઈ તે પહેલાં થોડા ભાગમાં રેલ્વે હતી. તે પછી કચ્છનું હિન્દનાં બીજા ભાગ સાથે રેલ્વે જોડાણ થયું. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, જન્મુ-કાશ્મીર, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, મધ્ય ભારતનો થોડો ભાગ બંદર થવાથી સંપર્કમાં આવ્યાં. ઈ.સ. ૧૯૬૪-૬૯નાં ગાળામાં ૨૩૪ કિ.મી. લાંબો જૂડ કંડલાં બ્રોડગેડ રેલ માર્ગ બન્યો. પૂર્વ રાજસ્થાનનો ભાગ સીધા સંપર્કમાં આવ્યો. વિરમગામ, અમદાવાદ, હિમંતનગર, ઉદેપુર લાઈન સાથે જોડાઈ ગયો છે. કંડલાથી ખારાઘોડા-વિરમગામ લાઈન થઈ.

ઈ.સ. ૧૯૬૮માં કંડલા અમદાવાદને જોડતો ૮ એ રાષ્ટ્રીય ધોરી માર્ગ ગાંધીધામ, ભચાઉ, મોરબી, વાંકાનેર, ચોટીલા થઈને અમદાવાદ, હિમંતનગર, વડોદરા, અંકલેશ્વરનું સીધું જોડાણ થયું. કચ્છમાં કોસ્ટલ ધોરી માર્ગ કંડલા, લખપત, જર્મો, માંડવી, મુદ્રાને જોડે છે. સુરજ ધારીનાં પુલ દ્વારા રાજકોટ, મોરબી, ટંકારા તરફનો રાજ્ય ધોરી માર્ગ મળતાં રાજકોટ, જૂનાગઢ, જામનગરનો સંપર્ક વધ્યો. ૧૯૫૨માં કંડલા વિમાની મથક બન્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપરાંત કંડલાથી ચપટ થઈને બનાસકાંઠા, પાલનપુર, થરાદને જોડતો રસ્તો બંધાયો. જે રાષ્ટ્રીય ધોરી માર્ગ ૧૫ ઈ. દ્વારા કંડલાને વધારે ફાયદો થયો. આ પૂર્વે ભૂજમાં વિમાની મથક હતું. વાહન-વ્યવહારનો વિકાસ થવાથી કચ્છ અને પ્રજામાં સરળતા પડી. મુંબઈ, કલકત્તા, મદ્રાસ, બેંગ્લોર અને અન્ય કોઈ પ્રદેશોમાં વસતા કચ્છીઓને રેલ્વે, બસ, હવાઈ માર્ગોથી સુવિધા પ્રાપ્ત થઈ. કચ્છનાં રોડ પરનાં નગરો સમૃદ્ધ બન્યા.

**૪.૩ મુક્ત વ્યાપાર ઝોન અને તેનું મહત્ત્વ -**

ભારતમાં ઉદ્યોગોનો વિકાસ તથા તેની નિકાસ વધારવા માટે ૧૯૬૫માં ૨૮૩ હેક્ટર જમીનમાં 'મુક્ત વ્યાપાર ઝોન'ની રચનાં કરવામાં આવી. નિકાસ માટેનો માલ તૈયાર કરવા માટે યંત્રો કાચા-માલની આયાતને જકાત મૂક્તિ અપાઈ દેશનાં ભાગોમાંથી કાચોમાલ લાવી શકાય છે. વિજળી અને પાણીનાં દરમાં રાહત અપાઈ. તેથી ૧૦૦ જેટલાં કારખાનાં સ્થપાયા. કંડલા આંતરરાષ્ટ્રીય વેપાર વિસ્તાર બન્યું. દવાઓ, પ્લાસ્ટીક, મગફળી, રબ્બરની વસ્તુઓ, ભરતગુંથણ, સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો, હાથે ગુંથવાનાં મશીનો વગેરેની નિકાસ થવા લાગી. આથી કચ્છ આર્થિક દૃષ્ટિએ સાધન-સંપન્ન બની રહ્યું છે. કચ્છી પ્રજા તેના ગામડાનો વિકાસ થઈ રહ્યો છે.

**(૫) ગાંધીધામ શહેરની સ્થાપના-વિકાસ-કચ્છનાં અન્ય શહેરોનો વિકાસ :-**

કંડલા બંદર સાથે સંલગ્ન ગાંધીધામ ૧૫૦૦૦ એકરમાં વસેલી નવી વસાહત છે. જે સિંધનાં નિવાસીતો માટે બાંધવામાં આવ્યું હતું. અહીંયા નળીયા, ફર્નિચર, કાપડ, તેલ, ઈજનેરી, સમાન વગેરેનાં ઉદ્યોગોનો વિકાસ થયો છે. અહીંયા કંડલાની પોર્ટ ઓફિસ, સ્ટાફ કવાટર્સ, બીજી મહત્ત્વની કચેરીઓ, ઔદ્યોગિક વિકાસની વૃદ્ધિ થાય માટે આખું નગર પ્લાન પ્રમાણે તૈયાર થયું. સેકટર પદ્ધતિ પ્રમાણે છે. ઈ.સ. ૧૯૪૯માં ઈટાલીયન ઈજનેર મેરીયો બેકીસીની સલાહ લેવામાં આવી. ગાંધીધામ જે ફેકટરી યેરીયા અને આદિપુર ઉદ્યોગોને લગતી વસાહત ઉભી થઈ. રસ્તાનું આયોજન, પાણીની વ્યવસ્થા, પ્રાથમિકથી ઉચ્ચ કક્ષાનું શિક્ષણ, ટેકનિક શિક્ષણ, મત્સ્ય ઉદ્યોગ, વહાણ બાંધવાનો વ્યવસાય, લાંકડામાંથી વિવિધ વસ્તુ બનાવવાનો વ્યવસાય, સોના-ચાંદી ઉપરનું નકશીકામ, ગાંધીધામ અને આદિપુર ઔદ્યોગિક નગરો તરીકે ઉભા થયા. આ ગાંધીધામની સ્થાપના મહાત્મા ગાંધીનાં આશીર્વાદ સાથે ઊભી થઈ. ગાંધીનાં નામ સાથે સંકળાયેલ ગાંધીધામ કંડલા હિન્દમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કચ્છનાં આર્થિક વિકાસમાં સ્ટેન્લેસ સ્ટીલનાં વાસણો, દવાઓ, હાથે ગુંથવાનો મશીનનો, તૈયાર કપડાં, પ્લાસ્ટીકનાં પાઈપો, વિજળીનાં સાધનો, વેપાર-વાણિજ્યમાં તેમની પ્રગતિ લાવે છે.

કચ્છમાં બોકસાઈટ, લિગ્નાઈટ, બેન્ટોનાઈટ, અકીક કાચની રેતી, ચુનાના પત્થરો, ચિરોડી, અને રંગીન માટી વગેરેની વિપુલતા છે. તેમનાં ઉદ્યોગોમાં વિકાસ થઈ રહ્યો છે. મીઠાપુરમાં તાતાનું કારખાનું છે. કચ્છમાં મીઠું અને ચુનાના પત્થરોની વિપુલતા જોતાં રસાયણ ઉદ્યોગોને વિકાસની ઘણી તકો પ્રાપ્ત છે. સિમેન્ટનો ઉદ્યોગ વિકસાવવાની શક્યતા છે. ઈફકોનું સૌથી મોટું કારખાનું તે દ્વારા હજારો કચ્છીઓએ પોતાની રોજી-રોટી મેળવે છે. કચ્છનાં લોકો ભરતકામ સારું જાણે છે. ભરત ભરેલાં કપડાંનો વ્યવસાય છે. માટીનાં રમકડાં અને કચ્છનો મીઠા ઉદ્યોગ પણ મહત્ત્વનો કંડલા થવાથી વેપારમાં મુક્ત વેપાર ઝોન તરીકે વિકસાવવાનાં હેતુથી ઘણાં કારખાનાં ઉભા થયાં તેથી આજે સૌથી વધારે ટ્રાફિક ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જોવા મળે છે. અને કંડલા મહાબંદર થવાથી દુનિયામાં અને ભારતમાં તેનું મહત્ત્વનું સ્થાન છે.

**પાદનોંધ :-**

૧. ડૉ. ગોવર્ધન શર્મા, કચ્છ લોક અને સંસ્કૃતિ, ૧૯૮૭, પૃ. ૧૫.
૨. ડૉ. શિવપ્રસાદ રાજગોર, ગુજરાતનાં બંદરો એક પરિચય, ૧૯૮૭, પૃ. ૧૭.
૩. એજન, પૃષ્ઠ-૯.
૪. ડૉ. શિવપ્રસાદ રાજગોર, ગુજરાતના બંદરોનો વિકાસ, ૧૯૯૨, પૃ. ૯.
૫. એજન, પૃષ્ઠ-૧૧.
૬. રામસિંહજી રાઠોડ, કચ્છનુ સસ્કૃતિ દર્શન, ૧૯૫૯, પૃ. ૨૧૮.
૭. એજન, પૃષ્ઠ-૨૫૮.
૮. રામસિંહજી રાઠોડ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૨૨૨.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






For Private and Personal Use Only